પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 24-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) રાજ્યમાં આગામી 30 નવેમ્બરથી ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે.

2) રાજ્ય પોલીસમાં લોકરક્ષક કેડરની 12 હજાર 752 જગ્યાઓ પર ભરતીની જાહેરાત.

3) દેવદિવાળી અને ગુરુનાનક દેવના પ્રકાશપર્વની રાજ્યભરમાં ભવ્ય ઉજવણી.

4) રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડી વધવાની શક્યતા નહિવત.

5) અમદાવાદમાં ત્રીજી અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન ક્લસ્ટર સ્પર્ધાનું સમાપન.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

EVE KHARIF MAG KHARIDI

રાજ્યમાં આગામી 30 નવેમ્બરથી ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે. સત્તાવાર યાદી મુજબ, સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પ્રતિ હૅક્ટર 550 કિલોગ્રામ એટલે કે 27.5 મણ અને ખેડૂતદીઠ મહત્તમ બે હજાર 500 કિલોગ્રામ એટલે કે, 125 મણ સુધી ખરીફ મગની ખરીદી કરાશે. ભારત સરકાર દ્વારા ખરીફ મગનો પ્રતિક્વિન્ટલનો ટેકાનો ભાવ આઠ હજાર 780 રૂપિયા જાહેર કરાયો છે.

(VOICECAST: ANKITA MAKVANA)

(.... ખેડૂતોના આર્થિક હિતોના રક્ષણ અને તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન – પીએમ આશા યોજનાની માર્ગદર્શિકા મુજબ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરાશે. હાલમાં રાજ્યની વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC ખાતે ખરીફ મગનો ભાવ સરેરાશ આઠ હજાર 190 રૂપિયા પ્રતિક્વિન્ટલ ચાલી રહ્યો છે, જે નિયત ટેકાના ભાવ કરતા ઓછો હોવાથી ખેડૂતોને નુકસાન ન જાય તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરાયો. ચૂકવણીમાં વિલંબ ટાળવા પોતાના બૅન્ક ખાતા આધાર સીડીંગ કરાવીને સક્રિય રાખવા પણ ખેડૂતોને જણાવાયું.

અંકિતા મકવાણા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)

LRD RECRUITMENT DYCM JAHERAT

રાજ્ય પોલીસમાં લોકરક્ષક કેડરની 12 હજાર 752 જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ યુવાનોને આ માટે તૈયારી શરૂ કરી દેવા જણાવ્યું. સાંભળીએ એક અહેવાલ.

(VOICECAST: CHAITALI JOSHI)

(... નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં રાજ્ય પોલીસમાં ભરતી અંગેની માહિતી આપતા રાજ્યના યુવાનોને તૈયાર થઈ જવા જણાવ્યું છે. તેમણે કહ્યું, લોકરક્ષક કેડરમાં બિનહથિયારી પોલીસ કૉન્સ્ટેબલની આઠ હજાર 233, હથિયારી પોલીસ કૉન્સ્ટેબલની એક હજાર 132 અને SRPF કૉન્સ્ટેબલની ત્રણ હજાર 107 જગ્યાઓ પર ભરતી થશે. ઉપરાંત બિનહથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરની 225 જગ્યાઓ ભરવામાં આવશે. શ્રી સંઘવીએ યુવાનોને વહેલી સવારની દોડ, નિયમિત કસરત અને રોજનો અભ્યાસ શરૂ કરી દેવા પણ અપીલ કરી છે. સાથે જ તેમણે વચેટિયા કે લાલચ આપનારા લોકોથી સાવધાન રહેવા જણાવ્યું છે.

ચૈતાલી જોષી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

WATER PLANT CHECKING

રાજ્યભરમાં પીવાના પાણીના બોટલિંગ પ્લાન્ટનું વિશેષ નિરીક્ષણ કરાશે. સુરતમાં આ અંગે નિવેદન આપતા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં નહીં ચલાવી લેવાય તેવું સ્પષ્ટપણે જણાવ્યું હતું.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

मेरे विभाग ने तीन-चार दिन पहले ही यह सूचना दी थी कि कल से यह गुजरात में जहां-जहां प्लांट हो और लोकल जो पानी बोतल वगैरह प्रोडक्ट करते, वहीं स्वच्छता और नॉर्म्स दोनों चेक करने की आवश्यकता है और यह हमारा अभियान गुजरात में चलेगा।

DyCM AMD IRIS FAIR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે વિજ્ઞાન, ટેક્નોલૉજી, ઇજનેરી અને ગણિતમાં સંશોધન અને નવીનતા માટેની પહેલ અંગે યોજાયેલા I.R.I.S. રાષ્ટ્રીય મેળા કાર્યક્રમના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે તેમણે કહ્યું, માત્ર સપના જોવાથી નહીં, પરંતુ સતત પરિશ્રમથી જ સપના સાકાર થશે. શ્રી સંઘવીએ આજના ડિજિટલ યુગમાં બાળકો અને યુવાનોના 'સ્ક્રીન ટાઈમ'ને રચનાત્મક અને ઉપયોગી દિશામાં લઈ જવાને સૌથી મોટો પડકાર ગણાવતાં કહ્યું, આવા મંચ દ્વારા વિદ્યાર્થીઓએ રજૂ કરેલાં પ્રોજેક્ટ્સ પ્રશંસનીય છે.

આ સમારોહમાં 22 રાજ્યોમાંથી 144 યુવા સંશોધકો દ્વારા વિવિધ શ્રેણીના 120 ઉત્કૃષ્ટ સંશોધન પ્રોજેક્ટ્સ રજૂ કરાયા. તેમજ ભારતની ઉભરતી વૈજ્ઞાનિક પ્રતિભાઓની સિદ્ધિઓની ઉજવણી કરીને તેમને પુરસ્કારથી સન્માનિત કરાયાં.

ARJUN MODHWADIA NAL SAROVAR

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી. તેમણે નિર્માણાધીન વિકાસકાર્યો, પ્રવાસન માળખાકીય સુવિધાઓ તથા પર્યાવરણીય સંરક્ષણની કામગીરીની સમીક્ષા કરી. શ્રી મોઢવાડિયાએ આ કુદરતી ધરોહરનું જતન કરવાની સાથે તેને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવવાની દિશામાં સંકલિત પ્રયાસ કરવા પર ભાર આપ્યો. નળ સરોવરને વધુ પ્રવાસન અનુકૂળ બનાવવાના હેતુસર હાથ ધરાયેલા પુનર્વિકાસની પરિયોજના હવે પૂર્ણતાના આરે છે. આ ઉપરાંત લોકો માટે બોટિંગ સુવિધા પણ ટૂંક સમયમાં શરૂ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

GURU NANAK DEV JAYANTI

સિખ ધર્મના સ્થાપક શ્રી ગુરુનાનક દેવજીની 557-મી જયંતી અને દેવદિવાળીની આજે રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યભરના ગુરુદ્વારાઓમાં આજે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના પોર સ્થિત ગુરુદ્વારા ખાતે પવિત્ર ગુરુગ્રંથ સાહિબના દર્શન-અર્ચન કર્યા. તેમણે ગુરુદ્વારા ખાતે આયોજિત લંગરમાં શ્રદ્ધાળુઓને પ્રસાદનું વિતરણ પણ કર્યું હતું.

તો, કચ્છમાં લખપત ખાતે લાલ ટેકરી ગુરુદ્વારામાં આજે વિશેષ કાર્યક્રમ યોજાયા. આ અંગે ગુરુદ્વારાનાં સભ્ય રીના સંદારે વધુ માહિતી આપી.

(BYTE: RINA SANDAR, MEMBER, LAL TEKRI GURUDWARA)

गुरु नानक देव जी, जो कि हमारे प्रथम गुरु हम जिनको मानते हैं, उन्होंने सबको, सभी संगत को यही बताया कि ना कोई हिंदू है, ना कोई मुसलमान है। हम सब केवल एक इंसान हैं। तो हम सभी को इंसानियत के रास्ते पर चलना चाहिए। उन्होंने तीन उद्देश्य दिए थे कि नाम जप, कीर्त कर और वंड छक। हम नम्रता से उसका पालन करें।

બીજી તરફ, દેવદિવાળી અને કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે રાજ્યભરના ધાર્મિકસ્થાનોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢ, શામળાજી, ગિરનારમાં સવારથી ભક્તોની ભીડ જોવા મળી રહી છે. અંબાજીમાં ધનકવાડા, આગથળા અને ઢીમા ખાતે લોકમેળો યોજાયો. તો, ભરૂચમાં મક્તમપુર રોડ પર સ્થિત ઓમકારેશ્વર મહાદેવ મંદિરમાં દેવદિવાળી નિમિત્તે અન્નકૂટ દર્શનનું આયોજન કરાયું હતું. જ્યારે ભરુચ તાલુકાના જુના તવરા ગામમાં મંગલમઠ કબીર આશ્રમ વેરાઈ માતાજીનાં મંદિરમાં કાર્તિકી પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.

STATE WEATHER UPDATE

રાજ્યભરમાં તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે. દરમિયાન આગામી સાત દિવસ તાપમાન યથાવત્ રહેવાની શક્યતા હોવાથી લોકોએ કડકડતી ઠંડી માટે રાહ જોવી પડશે તેમ, હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું,

(BYTE: ABHIMANYU CHAUHAN, SCIENTIST, IMD AHMEDABAD)

पूरे गुजरात में अगले सात दिनों तक जो है, मौसम में नो लार्ज चेंज देखने को मिलेगा। साथ ही अगर हम बात करें न्यूनतम तापमान की पिछले 24 घंटों में, उसमें अहमदाबाद में 18 डिग्री सेल्सियस, गांधीनगर में 17 डिग्री सेल्सियस दर्ज किया गया है। अगले आने वाले सात दिनों तक तापमान इसी तरीके का पूरे गुजरात में सभी जगह बना रहेगा, जिसमें एक-दो डिग्री की जो है, बढ़त देखने को मिल सकती है।

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 13.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું. જ્યારે કંડલા વિમાનમથક પર 14.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

BADMINTON CLOSING CEREMONY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં યોજાયેલી ત્રીજી અખિલ ભારતીય પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર સ્પર્ધાના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં. વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે યોજાયેલા આ સમારોહને સંબોધતા શ્રી પટેલે કહ્યું, 24 રાજ્ય અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશ તેમજ 10 કેન્દ્રીય પોલીસ દળના એક હજારથી વધુ ખેલાડીઓએ એકભારત શ્રેષ્ઠ ભારતના લક્ષ્યને સાકાર કર્યું. તેમણે નશામુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પોલીસકર્મીઓની ભૂમિકા મહત્વની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

वर्दी पहनकर समाज की सुरक्षा करना और खेल के मैदान में अपने राज्य का प्रतिनिधित्व करना, ये दोनों ही जिम्मेदारियां गौरवपूर्ण हैं। आप सब खिलाड़ी इन दोनों जिम्मेदारियों को सफलतापूर्वक निभा रहे हैं। इस खेल प्रतिस्पर्धा ने आपको और अधिक शक्ति और प्रेरणा दी है और गुजरात इसका माध्यम बना है।

KTC KHANIJ CHORI

કચ્છ પશ્ચિમ જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનીજ વહન સામે ખાણ-ખનીજ વિભાગ કાર્યવાહી હાથ ધરી. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, રેલડી મોટી ખાતે હાથ ધરાયેલી તપાસ દરમિયાન રોયલ્ટી પાસમાં દર્શાવેલા જથ્થા કરતા વધુ માટીનું વહન કરતા છ વાહનોને કબજે કરાયા. આ કાર્યવાહી દરમિયાન અંદાજે દોઢ કરોડ રૂપિયાનો માલસામાન કબજે કરાયો. તેમજ તમામ વાહનોને કાયદેસરની કાર્યવાહી માટે પદ્ધર પોલીસમથક ખાતે ટાંચમાં લેવાયા છે.

BRC ONLINE FROUD

ભરૂચ જિલ્લામાં બીજા દેશના વિઝા અપાવવાના બહાને એક વ્યક્તિ સાથે 11 લાખ રૂપિયાથી વધુની ઑનલાઈન છેતરપિંડી થતા સાયબર ગુના પોલીસમાં ફરિયાદ નોંધાઈ. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, છેતરપિંડી કરનારા ત્રણ લોકોએ આ વ્યક્તિ પાસેથી અલગઅલગ રીતે આ રકમ લીધી હતી.

VDR PARA SWIMMING MEDAL

વડોદરાનાં દિવ્યાંગ તરવૈયા ગરિમા વ્યાસે રાષ્ટ્રીયસ્તરની સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યાં. મળતી માહિતી મુજબ, મધ્યપ્રદેશના ભોપાલમાં તાજેતરમાં યોજાયેલી 26-મી રાષ્ટ્રીય પેરા-સ્વિમિંગ ચેમ્પિયનશિપ 2026-27માં વ્યક્તિગત સ્પર્ધાઓમાં ખેલાડી ગરિમા વ્યાસે એક સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો. અત્યાર સુધી તેમણે રાષ્ટ્રીય સ્તરે 18 ચંદ્રક જીત્યા છે.

આંતર-રાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરતાં વ્હીલચેરનો ઉપયોગ કરતાં તેઓ એકમાત્ર દિવ્યાંગ તરવૈયા છે. ખેલાડી ગરિમા વ્યાસ વ્યવસાયે કન્સલ્ટિંગ સાયકોલોજિસ્ટ છે. વર્ષ 2016માં પાવાગઢની પહાડીઓમાં ટ્રેકિંગ દરમિયાન તેમને સ્પાઈલ કોર્ડ ઇન્જરી થતાં તેઓ વ્હીલચેરનો ઉપયોગ કરવા લાગ્યાં હતાં. હાલ તેઓ વડોદરાના સમા રમતગમત સંકુલ ખાતે ગુજરાત રમતગમત સત્તામંડળ – SAGના કોચના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યાં છે.